

માથે હેલિકોપ્ટર દેખાય તો ભાગજે ! બે દિ' પહેલાં બાપુનું એક પડ્યું'તું ને ગઈકાલે મિલીટ્રીનાં બે...!





સોસાયટી ફોર વેલ્ફેર ઑફ મેન્ટલ રિટાર્ડેડ - અમદાવાદ વાલી મંડળ દ્વારા વિશિષ્ટ બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮ વર્ષ સુધીના અને ૧૮ વર્ષથી વધુ વયના સ્પર્ધકો માટે એમ બે જૂથમાં યોજાયેલી આ સ્પર્ધા અંતર્ગત બાળકોએ કાગળ ઉપર પોતાની કલ્પનાના મોહક રંગો ઉતાર્યા હતા. આ સ્પર્ધામાં સંવેદન સ્પેશિયલ સ્કૂલ, ગાંધીનગરના પાંચ વિદ્યાર્થીઓએ પણ સ્પેશિયલ ઍજ્યુકેટર ઉમેશ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. (તસવીર : કમલેશ શાહ)

## ઋતુશ્રી- પ્રસન્ના થોરાતે ઈન્ટરનેશનલ ટેબલ સોકરમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું





ગાંધીનગર, તા. ૩૦

શ્રી સ્વામીનારાયણ શિશુ વિદ્યાલય ગાંધીનગરના ઋતુશ્રી થોરાત અને પ્રસન્ના થોરાતએ પ્રથમ વખત યોજાયેલ ઓપન ઈન્ટરનેશનલ ટેબલ સોકર સ્પર્ધામાં ભારતની ટીમ વતી પ્રતિનિધિત્વ કરી ગુજરાતનું અને સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

આ સ્પર્ધા સીમલા ખાતે યોજાયેલ હતી. જેમાં ભારત, શ્રીલંકા, બર્મા, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયામાં પણ ભાગ લીધો હતો.

પ્રથમ વખત યોજાયેલ સ્પર્ધાને ગુજરાતના કોચ જિતેન્દ્ર પરમાર, અલકા પુરબિયા, પ્રિતી બારીયાએ ખેલાડીઓને પ્રશિક્ષણ આપ્યું હતું. આચાર્ય ચીનુભાઈએ અભિનંદન પાઠવેલ હતા.

## પાર્થ નયન થોરાતે ઈન્ટરનેશનલ ટેબલ સોકરમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું



ગાંધીનગર, તા. ૩૦

એસ.ડી. ઈંગ્લિશ મીડીયમ પ્રાયમરી સ્કુલના પાર્થ નયન થોરાતએ પ્રથમ વખત યોજાયેલ ઓપન ઈન્ટરનેશનલ ટેબલ સોકર સ્પર્ધામાં ભારતની ટીમ વતી પ્રતિનિધત્વ કરી ગુજરાતનું અને અમારી સંસ્થાનું નામ રોશન કરેલ છે.

આ સ્પર્ધા સિમલા ખાતે યોજવામાં આવી હતી. જેમાં ભારત ઉપરાંત શ્રીલંકા, બર્મા, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ભાગ લીધો હતો. પ્રથમ વખત યોજાયેલ સ્પર્ધાને ગુજરાતના કોચ જિતેન્દ્રભાઈ પરમાર, અલકા પુરબિયા, પ્રીતિ બારીયાએ પ્રશિક્ષણ આપ્યું હતું. આચાર્યા ટેકવાનીએ અભિનંદન પાઠવ્યા હતા.

## સર્વ વિશ્વવિદ્યાલય વિશ્વવિદ્યાલય સંચાલિત વિવિધ કૉલેજોના આચાર્યોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા કડી તથા ગાંધીનગર શહેર ખાતે ચાલતાં સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોના પ્રિન્સીપાલશ્રીઓ તથા કૉ.ઑર્ડીનેટરશ્રીઓની સભાનું આયોજન ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્તભાઈ જહાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કૃષ્ણકાન્તભાઈએ સર્વ વિશ્વવિદ્યાલયની નવી આભા ઉભી કરવા માટે વિવિધ રચનાત્મક અને વ્યક્તિત્વ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરવાની રૂપરેખા આપી હતી. સાથે પોતાનો સંપૂર્ણ સાથ અને સહકાર આપવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના કૅમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. મણીભાઈ પટેલ, ગૌરાંગભાઈ શાહ, એન.એન.જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## કોબાવાલા હાઈસ્કૂલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૩૦

કારકિર્દી આયોજન સપ્તાહ અંતર્ગત યોજાયેલ જિલ્લાકક્ષાની નિબંધ સ્પર્ધા જે વલાદ મુકામે યોજાઈ હતી. જેમાં શાળાની ધોરણ-૧૧ની વિદ્યાર્થીની પ્રજાપતિ બીજલ દશરથભાઈએ પ્રથમ ક્રમ મેળવીને વિજેતા બની ટ્રોફી મેળવેલ છે. શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## આઈટીઆઈના વિવિધ ટ્રેડમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો બાબત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર સેકટર-૧૫માં આવેલી આઈ.ટી.આઈ.માં ઓગષ્ટ-૨૦૧૨ના એડમીશન પ્રમાણે જુદા જુદા ટ્રેડની કુલ ૨૧૮ જગ્યાઓ ખાલી રહી છે. જે તે ટ્રેડમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારે અસર પ્રમાણપત્રો સાથે આજે તા. ૩૧મી ઓગષ્ટ-૨૦૧૨ને શુક્રવારે આઈ.ટી.આઈ. ગાંધીનગર, સેક્ટર-૧૫ ખાતે સવારે ૧૦ કલાકે હાજર રહેવું.

આઈ.ટી.આઈ. સેકટર-૧૫માં કારપેન્ટરની ૨૦ જગ્યાઓ, ઈ-કોમર્સની ૩૭ જગ્યાઓ, ડ્રેસ મેકીંગની ૫૧ જગ્યાઓ, ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટની ૨૮ જગ્યાઓ, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટરની ૨૭ જગ્યાઓ, પેઈન્ટરની ૧૨ જગ્યાઓ, સ્ટેનો કમ કમ્પ્યુટર ઓપરેટર અંગ્રેજીની ૧૬ જગ્યાઓ અને સ્ટેનો અંગ્રેજીની ૨૭ જગ્યાઓ ખાલી છે. દરેક ટ્રેડમાં લઘુત્તમ લાયકાત ધો. ૧૦ કે ધો. ૧૨ પાસ માંગવામાં આવી છે. એડમીશન વહેલા તે પહેલાના ધોરણે હોવાથી નિયત સમયમાં ઉમેદવારે અસલ પ્રમાણપત્રો અને નિયમોનુસાર ફી સાથે હાજર રહેવું.

## આર એચ બીએડ કોલેજ અને આદર્શ નિવાસી કન્યા શાળાએ વૃદ્ધાશ્રમની લીધેલી મુલાકાત



ગાંધીનગર, તા. ૩૦

વડીલો પ્રત્યેનો આદરભાવ નિરંતર બની રહે તેવા ઉમદા ધ્યેય સાથે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજ તથા આદર્શ નિવાસી કન્યા શાળા, સેકટર-૬ના કર્મચારીઓ, તાલીમાર્થી વિદ્યાર્થીઓ તથા કન્યા શાળાની વિદ્યાર્થિનીઓએ સેકટર-૬માં આવેલા કૃષ્ણા વૃદ્ધાશ્રમના વડીલો સાથે એક ગોષ્ઠીનું આયોજન કર્યું હતું. શ્રાવણ માસ અને પુરુષોત્તમ માસમાં નદીમાં સ્નાન કરી પવિત્ર થવા કરતાં પણ વડીલોની નિશ્રામાં રહી તેમના આશિષ મેળવવા વધારે પાવનકારી માની ચાર પેઢી વચ્ચેનો સુંદર મેળાપ આજ રોજ કૃષ્ણા વૃદ્ધાશ્રમ ખાતે યોજાયો હતો. સંચાલક રાજેશ ભટ્ટ, પ્રાધ્યાપક ભરતભાઈ તથા આચાર્ય પી.કે. પટેલ દ્વારા ભાવિ શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં સમાજ સેવા તથા સામાજિક સદ્ભાવના જાગૃત કરવા ફળફળાદીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## આજે ગાંધીનગર જિલ્લા હોકી ટીમ પસંદગી યોજાશે

### આગામી ૧૫-૧૬ના રોજ અમદાવાદ ખાતે યોજાનારી સબ જુનિયર્સ ચૅમ્પિયનશીપમાં જિલ્લાના સ્પર્ધકો ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૩૦

હોકી ગાંધીનગરના પ્રમુખ વિપુલભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાની હોકી ટીમની પસંદગી પ્રક્રિયા તા. ૩૧મી ઓગષ્ટ-૨૦૧૨ને શુક્રવારે સાંઈ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે સાંજે ૪ કલાકે યોજાશે.

ગાંધીનગરમાં રહેતા અને ૧-જાન્યુ-૧૯૯૬ પછી જન્મેલા હોકી ખેલાડીઓ સબ જુનિયર ગૃપમાં જોડાઈ શકશે. હોકી ટીમમાં પસંદગી પામવા રસ ધરાવતા દરેક છોકરા-છોકરીઓએ મિ. રામમિલન યાદવનો મો. નં. ૯૯૭૯૮ ૯૭૮૮૯ નો સંપર્ક કરવો. ગુજરાત સ્ટેટ સબ જુનિયર બોયઝ એન્ડ ગર્લ્સ હોકી ચેમ્પિયનશીપ આગામી તા. ૧૫મી અને ૧૬મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે યોજાશે જેની સ્પર્ધકોએ નોંધ લેવી.

## ગુરુ દીપક, ગુરુ ચાંદણો, ગુરુ મુજ જીવન આધાર મારા જ્ઞાની ગુરુને નહીં વિસરું, ગુરુ મુજ પ્રાણ આધાર

### સરકારી નોકરી કરતા આશાબેન મહેતા - પોતાનું જીવન ગુરુની પ્રેરણાના બળે સત્કર્મોની સુવાસથી મહેકતું થયું છે એવો એકરાર કરે છે



**સંબંધ સજાવે જિંદગી**

**બલિહારી ગુરુ આપ કી**

- સ્વાતિબા રાઓલ

gsrelation@yahoo.com

અબ્રાહમ લિંકને કહ્યું છે કે 'ઈશ્વર આપણા પક્ષે છે કે નહીં એની મને ચિંતા નથી. આપણે ઈશ્વરના પક્ષે છીએ કે કેમ એ વિચારવાનું છે.' ઈશ્વરનો પક્ષ લઈ ચૂપચાપ દીન-પિડીતોની સેવા કરતાં, સંસ્કાર વારસાનું દાન આપતાં વિરલ મનુષ્યોમાંના એક આશાબેન મહેતા જે પોતે સરકારી નોકરી કરતા હોવા છતાં સાચી રીતે સમયનો સદુપયોગ કરે છે, ગુરૂની પ્રેરણાએ તેમના જીવનને સત્કર્મોથી કેવું મઘમઘતું કર્યું છે - આવો સાંભળીએ તેમના જ શબ્દોમાં.

'ગુરુ દીપક, ગુરુ ચાંદણો,<br>ગુરુ મુજ જીવન આધાર;<br>મારા જ્ઞાની ગુરુને નહીં વિસરું,<br>ગુરુ મુજ પ્રાણ આધાર.

'આજથી લગભગ ૨૦-૨૨ વર્ષો પૂર્વે મારા સદ્ગુરુદેવ 'સાંદીપનિ વિદ્યા નિકેતન' તેમજ 'શ્રી હરિ મંદિર' પોરબંદરના આદ્ય પ્રણેતા એવા પૂજ્ય ભાઈશ્રીના સત્સંગ પ્રસંગે તેમણે કહેલી એક વાત મારા મનમાં અદમ્યપણે સ્થિર થઈ ગઈ. અને બસ પછી તો તે પ્રમાણે ખરેખર અનુસરવાની, કરવાની પ્રવૃત્તિ જાણે કે મારા જીવનનો એક ભાગ બની ગઈ. તેમણે કહેલું કે સેવાકાર્ય-પુણ્યકાર્ય કે પરમાર્થ કાર્ય કરવા માટે મનની મક્કમતા કેળવનારને કોઈ બંધન સિમાડા કે અન્ય કોઈ બહાનાનાં આવરણ નડી શકતા નથી.

બસ, આ જ વાત પર મેં નક્કી કરી લીધું કે કોઈના દુખમાં, કોઈની નિરાશામાં કે કોઈની પરવશતાના નબળા સમયે તેમનું દુખ હળવું કરવા જરૂર યથાપ્રયાસ કરીશ. અને એ ગુરૂવચનની પ્રેરણાનાં બીજ મારા મનમાં વવાઈ ચૂક્યાં. ત્યારે સેક્ટર-૩૦માં એક વૃધ્ધાશ્રમ કાર્યરત હતું ત્યાં જઈને વૃધ્ધ બા-દાદાઓને તેમના દુખો વિસારે પાડવા માટે ક્યારેક ભગવદ્કથાઓ તો ક્યારેક ધર્મગ્રંથોનું વાચન, ક્યારેક ભજનો વગાડી, ગવડાવીને એક કલાક તેમને પ્રભુમય રાખી, પ્રસન્ન કરવા માટેની પ્રવૃત્તિ શરૂ કરી અને પછી તો એ તમામ બા-દાદાઓને આ સત્સંગનું જાણે કે ચમત્કારિક વ્યસન થઈ ગયું, ત્યારે સત્સંગ ગોષ્ઠિ દરમ્યાન તમામ વૃધ્ધ બા-દાદાઓ મનથી રાજીપો અનુભવી ખૂબ આશીર્વાદ દેતા રહ્યા. લગભગ ચારેક વર્ષ આ ક્રમ ચાલતો રહ્યો એટલો સમય તો બધા તેમનું દુખ ભુલી જઈને સત્સંગની પ્રવૃત્તિમાં તન-મન-ધનથી જોડાયેલા રહેતા. એ જોઈને મારું મન વિશેષ સંતોષથી હરખાઈ ગુરુકૃપા વાંચ્છતું રહ્યું. ત્યારબાદ સંજોગવશાત એ વૃધ્ધાશ્રમનું અન્યત્ર સ્થળાંતર થયું. પરંતુ સત્સંગ તો દરરોજ એક કલાક માટે ચાલુ જ રહેલ છે, તે પણ ગુરુ કૃપા જ ગણાય ને ?

ત્યારબાદ પૂ. ભાઈશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી પંદર વર્ષની વય સુધીનાં બાળકોને કોઈપણ જાતના ભેદભાવ વિના વિનામૂલ્યે પ્રતિ સપ્તાહના રવિવારે સવારના ૧ કલાક માટેનું સાન્દીપની શિશુ વિહાર નામનું બાળ સંસ્કાર કેન્દ્ર સેક્ટર-૫માં કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વર્ગખંડમાં કાર્યરત થયું. તેમાં બાળકોને ગમે, મજા આવે તે રીતે રમત-ગમત કરતાં, રમતાં રમતાં બાળગીતો, બાળવાર્તાઓ, મહાપુરુષોનાં જીવનચરિત્રોને લગતા બોધદાયક એવા આપણા સંસ્કૃતિના વારસાને જાળવતી પ્રવૃત્તિ આજ પણ ગુરુકૃપાથી ચાલુ રહેલ છે.

કોઈ સંસ્થામાં મૂક, બધિર,અંધ, અનાથ, ત્યક્તા કે ભિક્ષુક ગૃહની બહેનો-બાળકો પાસે જઈ તેમની વચ્ચે બેસી તેમને જરૂરિયાતવાળી કે ગમતી નાનીશી વસ્તુ આપી તેમને તેમના દુખમાંથી હલવા કરવાની તક જતી ન કરવાની અદમ્ય ઈચ્છાને મારા ગુરુદેવ કોઈ ને કોઈ રીતે મદદરૂપ થવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણે કે આવી જ જાય છે, તેવો આ મારો નિજી અનુભવ જરાય અતિશયોક્તિ વગર કરી શકું છું, માણી શકું છું.

જીવન મળ્યું છે તો સારી રીતે જીવી જાણવાનો ગુરુમંત્ર જાણે અમારાં જીવનમાં વણાઈ ગયો છે. યોગી તો બની શકું એવું સામર્થ્ય નથી પરંતુ જરૂરિયાતોવાળાને યોગ્ય સમયે યોગ્ય સહયોગ પ્રદાન કરી ઉપયોગી તો થઈ શકું ને ? બસ, આ જ ભાવનાથી તન, મન અને ધનથી ઉત્તરોત્તર બની શકે તેટલી તયામતિ સેવા કરવા મન ખૂબ ઉત્સુક છે. આ ગુરુકૃપા જ છે.

આજથી બારેક વર્ષ પૂર્વે પૂ. ભાઈશ્રીના શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં બદ્રિનાથ ધામમાં જવાનું સદ્ભાગ્ય સાંપડેલું. ત્યાંથી પાછા ફરતાં મારા પતિને ડાયાબિટીસ વધી જતાં આંખની મગજ તરફ જતી નસ એકદમ સુકાઈ જતાં ભયંકર ખતરો આવી પડેલો ને મેં આખી રાત પ્રાર્થનામાં વિતાવેલી. રાતભર મારી કરેલી પ્રાર્થના મારા ગુરુવર સુધી પહોંચી અને એક ચમત્કાર થયો - સિટી સ્કેન, ઑપરેશનની બધી જ કાલ્પનિક ભીતિઓ સાવ ટળી ગઈ. થોડી દિવસ હૉસ્પિટલમાં રહી એક નવી જ દષ્ટિ ગુરુકૃપા થકી મેળવી મારા પતિ ઘરે સુખરૂપ આવી ગયા ! જાણે કે ગુરુએ અમને વિશેષ સમાજસેવા કરવા માટે લીલી ઝંડી આપી દીધી હોય એવો સંતોષ થયો !

ઈશ્વરકૃપાથી સદ્ગુરુની પ્રેરણા અને આશીર્વાદથી અકલ્પનીય એવા અનુભવોની અનુભૂતિ થતાંની સાથે જ સેવાકાર્ય કરવા ઉત્તરોત્તર મન ઉત્સુક થયા જ કરે છે અને આમ યથામતિ સદ્પ્રવૃત્તિઓ કરવામાં મારા પતિદેવ પ્રકાશનો પણ સહયોગ, માર્ગદર્શન આપવાનો અમૂલ્ય સિંહફાળો રહ્યો છે જેનો હું એક વિશેષ પ્રકારની ગુરુકૃપા જ માનું છું.'

ગુરુ આજ્ઞા પ્રમાણે પડદા પાછળ રહી કામ કરતા આશાબેનને બિરદાવવા હોય તો આ રહ્યો એમના ઘરનો ફોન નંબર : ૨૩૨૩૮૬૧૦.

**સંસ્કાર ચિંતન**

- અનંતરાય ન વ્યાસ

## પુરુષાર્થના મહત્વનું ગાન વિશ્વની તમામ પ્રજાએ કરેલ છે

અયં મે હસ્તો ભગવાન્ અયં ભગવત્તર:।

આ મારો હાથ સ્વયં ભગવાન છે, આ હાથ ભગવાન કરતાં અદકેરો છે

ઉપરોક્ત કથન વાંચીને આપને લાગશે કે આજના કોઈ અભિમાની યુવાનનુંઆ કથન હશે કેપછી સામ્યવાદી વિચાર સરણી ધરાવનાર કોઈ નેતાનુંઆ પ્રવચન કે નિવેદન હશે. અથવા તો અહંભાવમાં પોતાની જાતને આધુનિક વૈજ્ઞાનિક વિચારધારાના અનુયાયી માનતી કોઈ વ્યક્તિના આ શબ્દો હશે... જો તમારી ધારણા આવી હોય તો, આપની ધારણા તદ્દન ખોટી પડે છે. કારણ કે આ વચન તો આપણા અતિ પ્રાચીન અને અતિ પવિત્ર એવા 'ઋગ્વેદ'નુંછે. વેદનુંઆ વચન આપણને એક સનાતન સત્ય તરફ દોરી જાય છે. સત્યમાં ક્યાંય એ પ્રાચીન છે કે અર્વાચીન, પૌર્વાત્ય દેશોનું છે કે પછી પાશ્ચાત્ય દેશોનું તેવા ભેદો પડતા નથી. સત્ય તો સર્વ કાલીન સનાતન એક સ્વરૂપમાં જ હોય છે.

આ સત્ય છે શ્રમના મહિમા ગાનનો. હાથ વડે કરાતા પરમ પુરુષાર્થને બિરદાવાનો. પુરુષાર્થના મહત્વનું ગાન વિશ્વની તમામ પ્રજાએ તથા ધર્મોએ કરેલ છે. તેમાં કોઈ આસ્તિક- નાસ્તિકના ભાગ નથી પડતાં. આસ્તિકો જેટલા જ શ્રદ્ધા નાસ્તિકો પણ શ્રમ પર રાખે છે. તેમાં મતભેદોને કોઈ અવકાશ નથી. ઋગ્વેદના ઋષિએ પણ પોતાના યુગમાં શ્રમનો ભારે મહિમા કર્યો છે. પોતાના હાથને તેઓ ભગવાન કરતાં વધારે માને છે. અથર્વવેદમાં પણ આ પ્રકારનું ઋષિ દર્શન જોવા મળે છે. 'કૃત્ય મે દક્ષિણે હસ્તે, શ્રયો મે સવ્ય આહિત્' હું જમણા હાથે કર્મ કરું છું તો ડાબા હાથે ફળ મેળવું છું.

પુરુષાર્થનો મહિમા ભલેને આપણા શાસ્ત્રોએ ગાયો હોય, આપણામાંના મોટાભાગના લોકો પ્રારબ્ધવાદી છે. આ બાબતમાં આપણે વિશ્વભરમાં વિચિત્ર ટેવો ધરાવતી પ્રજા તરીકે પંકાયા છીએ. આપણે આપણી ઈચ્છાઓ, આકાંક્ષાઓ તથા જરૂરીયાતોને પૂરી કરવા માટે પુરુષાર્થ કરવાને બદલે અનુષ્ઠાનો કરીએ છીએ. યજ્ઞ યાગના આયોજનો વિચારીએ છીએ. બાધાઓ અને માનતાઓ માનીએ છીએ. દેવ- દેવતાઓને વારંવાર વંદન કરવા. તેની પ્રશંસા કરવા તેમની ખુશામત કરવામાં લાગી જઈએ છીએ. અને પછી પ્રસાદ ધરાવી આપની માગણી રજૂ કરીએ છીએ. કર્મ કરવાની આપણી જવાબદારી તથા સમજ ત્યા પૂરી થઈ જાય છે. હવે દેવોની જવાબદારી... આપણું રક્ષણ કરવું આપણા યોગક્ષેમનું વહન કરવું. આપણા ઈચ્છા પ્રમાણેનું ફળ આપવું...ને આપણે હાથ જોડી ઊભા રહીએ છીએ. પ્રાર્થના માટે જોડાયેલા હાથ કરતાં કર્મ કરવા માટે ખુલ્લા હાથ વધારે સારા છે તેમ કવિ કહી ગયા છે. તે નથી આવતું. વેદના ઋષિતો સ્પષ્ટ વાત કહે છે. તમોને કર્મ કરવાની શક્તિ આપી છે. ઈચ્છા આપી છે અને આયુષ આપ્યું છે આ ત્રણ કલ્પવૃક્ષો તમારી પાસે છે તેનો યોગ્ય ઉપયોગ કરો. પુરુષાર્થ કરો. જે વ્યક્તિ કર્મનિષ્ઠ છે. પુરુષાર્થ છે તેને કશું અપ્રાપ્ય નથી. ભલે ભગવાન સૃષ્ટિનો સર્જક હોય પણ હું મારા આ હાથ વડે મારા જીવનને સુખમય બનાવી શકું છું. માટે કોઈ પર આશા રાથી બેસવાનું નથી. સારા અવસરની રાહ જોવાની નથી. યોગ્ય અવસર આવતો નથી. એ તો ઊભો કરવો પડે છે. હું પ્રયત્ન કરીશ ને અમૃત પ્રાપ્ત કરીશ... આજના આપણા આ યુગ માટે પણ કવિ કહે છે. આ કળિયુગ નથી- આતો કરયુગ છે. 'કરજુગ નહિ યહ કરયુહ હૈ।'

આપણે જે કંઈ પ્રાપ્ત કરવાનું છે તે આ જીવનમાં જ દરમિયાન પ્રાપ્ત કરી લેવાનું છે. તે માટે સતત પ્રયત્ન કરવો એ જ મહત્વની બાબત છે. કોઈનો આધાર શોધવો. કોઈ આપણી માટે મહેનત કરે તેવું શા માટે ધારવું જોઈએ. આશા ન ફળે ત્યારે આપણને નિરાશા થાય. સમય વેડફાયને પરિણામે નુકશાન થાય. છતાં આપણને નિષ્ક્રિય થવાનું વધારે પસંદ કરીએ છીએ. આ નિષ્ક્રિયતા આપણા સમાજનો મોટો રોગ છે કામ સિવાય આપણે અન્ય ઘણું કરીએ છીએ. બૂમો પાડવી, અન્યના દોષો જોવા, ટીકા કરવી, કોઈ કામ કરતું હોય તો તેની ભૂલો બતાવવી અને આના જેવું ઘણું કરીએ છીએ. પણ થોડા હાથ હલાવી સફાઈ કરવાનું આપણને નથી સુઝતું. આ બાબતમાં મયાનિઝ વિશ્વભરની શ્રેષ્ઠ પ્રજા છે. જે હડતાલના દિવસે વધારે કામ કરે છે. જ્યારે આપણે રજાઓ વધારે મળે તેવા ગતકડાંઓને શોધતા રહીએ છીએ.

ભૂતકાળમાં વિધર્મીએ ભારત પર હુમલા કર્યા. મંદિરો તૂટ્યા, મૂર્તિઓ ભાંગી ત્યારે સમાજના નાનકડા ભાગે પ્રતિકાર કર્યો, સમાજનો મોટો ભાગ તો દેવ-દેવતાને રીઝાવી. વિધર્મીનો નાશ કરવાની પ્રાર્થના જ કરતો રહ્યો. પડકાર ઝીલવા લોકો ઊભા ન થયા. પરિણામે ગુલામી ભોગવી. 'કાન્હડદે પ્રબન્ધ'ના બ્રાહ્મણ લેખકને પણ કટાક્ષમાં પુછવાનું મન થયું કે, 'સોમૈયા કયાં ગયું તારું ત્રિશુલ' વેદના ઋષિ તો સ્પષ્ટ કહે છે પુરુષાર્થીને કશુંઅસાધ્ય નથી. પુરુષાર્થીનો આત્મવિશ્વાસ વધે છે. તે સફળતાના શીખરો સર કરતો રહે છે. નોકરી માટે ફાંફા મારનાર બેકાર યુવાનો પણ શ્રમ કાર્ય કરવા તૈયાર થતા નથી. જાતને પરિશ્રમમાં જોડવાથી આપોઆપ નવા નવા માર્ગો ઉઘડતા જાય છે. આપણે જ આપણા ભાગ્યવિધાતા છીએ એ ભાગના દઢ થવી જોઈએ. આપણા હાથ જગન્નાથનું સુત્ર માત્ર બોલવામાં જરહ્યું બાકી વેદ તો સ્પષ્ટ કહે છે દેવો પણ આચારહિતને મદદ કરતા નથી. કરસનદાસ માણેકે ઘણા વખત પહેલાં લખ્યું છે. આઝાદી પછી આપણે ત્યાં નવા નવા દેવ દેવીઓનો વધારો થયો છે. આજે થોડો ઘણો પ્રસાદ પ્રાપ્ત કરી આપણું કામ કરી આપનાર રાજકીય નેતાઓના ઊભા થઈ ગયા છે. આપણે ભગવાનને પ્રસાદ ધરાવવામાં માનનારા લોકો તે આ નવા દેવોને પણ નૈવેદ ધરાવા મંડ્યા. ને પોતે કામ ન કરતાં તાળિયો પાડી ખુશામત કરતાં થયા. આજે પણ સમાજમાં ફુગાવો- બેકાર- ગરીબી- ત્રાસવાદ જેવા અનેક અનિષ્ટો છે. પણ તે સામે પુરુષાર્થ ભરી લડત આપવાને બદલે આ રાજકીય દેવોને નૈવેદ ધરાવી. આ પ્રશ્ન ઉકેલી જશે તેમ માનીએ છીએ. આ કોઈ દેવ-દેવી ચપટીભરમાં ગરીબી દુર કરી દેશે.. શાંતિ સ્થાપશે.. તેવી આશાઓમાં દાયકાઓ ગુમાવતા જઈએ છીએ. પરંતુ ઉત્પાદન વધારવા સતત મહેનત કરવાનું આપણને સુઝતું નથી. ભ્રષ્ટાચાર નાબુદ કરવાને બદલે ભ્રષ્ટાચાર વધે તેવા માર્ગો તરફ જ દષ્ટ્રિ દોડાવીએ છીએ. પૌરાણિક દેવોની જેમ આજના આ દેવો થોડા પ્રસાદે તો માનતા નથી. ભીમ ભલે વૃકોદર કહેવાયો. આ તો સૌ સાગહ ઉદશ છે. લાખોને કરોડોનાં પ્રસાદ જમી જાય ને પચાવી જાય... આ માટે શું કહેવું...

આ મારો હાથ ભગવાન કરતાં અદકેરો છે તેવું કહેવા ઋષિ કયારે સમર્થ હોય. ભગવાનને તો હજારો હાથ છે ને એ હજાર હાથ જે સર્જેછે. તેવું જ આપણા આ બે હાથનો જો વ્યવસ્થિત કર્મ કરતા કરીએ તો સર્જી શકાય છે. અને એ બે હાથનો દુર ઉપયોગ કરીએ તો હજાર હાથ વડે સર્જાયેલી સૃષ્ટિનો ક્ષણમાં નાશ પણ કરી શકીએ. માનવ પરિશ્રમ કરે તો નરમાંથી નારાયણ થઈ સકે. પ્રગતિના અનેક ક્ષેત્રો માનવીઓ માટે ખુલ્લા છે. વિકાસની આવી તકો અન્ય યોનીમાં નથી. દેવોનાં કોઈ વિકાસ નથી. કર્મદ્વારા વ્યક્તિ અધિક બળવત્તર, અધિક જ્ઞાની અને અધિક સંપત્તિશીલ બની શકે છે. આપણે ભગવાનને પ્રાર્થના કરતાં મોટાભાગે તો લક્ષ્મી સંપતિ માનીએ છીએ. પણ આપણે એ ભુલી જઈએ છીએ કે લક્ષ્મી તો કર્મ ઉર્જિત છે. સમુદ્ર મંથન જેવા અતિ કઠિન કર્મ પછી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ભગવાન વિષ્ણુ પણ લક્ષ્મીની રક્ષા માટે યોગ્ય શસ્ત્રો ધરાવે છે. એ હાથ જોડી નથી ઉભા. જરૂર પડ્યે તો પડકારનો શંખ ફુંકવા તૈયાર છે. ભલે આપણને ચાર હાથ ન હોય. પણ બે હાથનો સમ્યક ઉપયોગ કરતાં પણ આપણે અટકતા જઈએ છીએ.

કોઈ પણ પરિસ્થિતિમાં ઉદ્યમી માણસ સદાય ઉન્નત ભ્રૂ રહે છે. ભર- સભામાં કર્ણે જણાવેલું 'જન્મ આપવો તે દેવોને હાથ છે પણ પુરુષાર્થ તો મારા હાથમાં છે.. પુરુષાર્થ માટે કંઈ મેળવવું અશકય નથી.' પૃથ્વી પરના સુવર્ણ પુષ્પો કોણ વીણી શકે છે. જે વીર કર્મશીલ છે તે.. આપણી એક રચના છે.

'હસતે મુખ રસ્તામાં વેર્યાં, નસીબે ફૂલ ગુલાબ કેરાં,<br>નીચે નમીને વિણશો કયારે- આજ આજ ભાઈ અત્યારે...'

નીચા નમી વીણવાનું કાર્ય તો કરવાનું જ છે. માનવ હાથ જેવો સર્જનાત્મક અન્ય હાથ નથી. માટે જ હાથને ભગવાન કરતાં અધિક કહ્યો છે.